For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### અકસ્માતના પગલે હાઇવે પર ભારે ટ્રાફિકજામ, અન્ય વાહન ચાલકો કલાકો સુધી ટ્રાફિકમા અટવાયા

# GSFC બ્રિજ પાસે ગોઝારો અકસ્માત, ટેન્કર ચાલકે રિક્ષા, મોપેડ બાદ આઇસરને અડફેટે લીધા: બેના મોત

**પોલીસે** મૃતદેહોને સયાજી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવ્યા



### રોડ કામગીરી બની અકસ્માતનું કારણ?

હાઇવે પર ચાલી રહેલી રોડની કામગીરીને કારણે વાહન વ્યવહાર પર અસર પડી રહી છે. યોગ્ય સૂચના બોર્ડ, લાઇટિંગ અને ડાયવર્ઝનની અછતના કારણે અકસ્માતોની સંભાવના વધી રહી છે. આ બનાવ બાદ સ્થાનિકોએ પાલિકા તંત્ર અને રોડ કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક અસરથી સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માંગ કરી છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

છાણીના GSFC બ્રિજ પાસે હાઇવે પર ઓવર સ્પીડ ટેન્કરે રીક્ષા, એક્ટિવા અને આઇસરને ટક્કર મારતા ભયાનક અકસ્માત સર્જાયો. ઘટનામાં રીક્ષામાં સવાર બે લોકોના સ્થળ પર જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 3 લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. તેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માત બાદ હાઇવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે, જ્યારે સ્થાનિકોએ રોડ કામગીરી અને સુરક્ષા વ્યવસ્થાના અભાવે અકસ્માત સર્જાયો હોવાનો આક્ષેપ કર્યો છે.

વડોદરા શહેર નજીક છાણી વિસ્તારમાં આવેલ GSFC બ્રિજ પાસે હાઇવે પર વધુ એક જીવલેણ અકસ્માત સર્જાતા વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. શહેર પાસે પસાર થતાં હાઇવે પર વારંવાર થતા અકસ્માતોની વચ્ચે આ બનાવે ફરી એકવાર સુરક્ષા મુદ્દે પ્રશ્નો ઊભા કર્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ, એક ટેન્કર ચાલક ઓવર સ્પીડમાં હાઇવે પર વાહન હંકારી રહ્યો હતો. આ દરમિયાન તેણે પહેલા આગળ જઈ રહેલી રીક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે રીક્ષા એકબાજુ ફંગોળાઈ ગઈ હતી. ત્યારબાદ બેકાબૂ બનેલું ટેન્કર આગળ ચાલી રહેલા આઈચર ટ્રક સાથે પણ ધડાકાભેર અથડાયું હતું.

આ ગંભીર અકસ્માતમાં રીક્ષામાં સવાર મુકેશ પરમાર અને ભાઈલાલભાઈનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ ઘટનાએ આસપાસના લોકોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. ઉપરાંત, અકસ્માતમાં અન્ય 3 લોકોને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્મતના પગલે હાઇવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનોની લાંબી લાઈનો લાગી જતાં અનેક વાહનચાલકો કલાકો સુધી રસ્તા પર અટવાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ટ્રાફિકને સુચારૂ બનાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

પોલીસે બંને મૃતદેહોને કબ્જે લઈને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખસેડ્યા હતા અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. છાણી પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### તમામ કર્મચારીઓ અને કામ માટે આવેલા લોકોને બહાર કઢાયા

# વડોદરા આરટીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસ તંત્ર દોડતું થયુ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરમાં ફરી વખત બોંબની ધમકી મળતા હડકંપ મચી ગયો છે, હવે આરટીઓ કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બન્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સાથે બોમ્બ અને ડોગ સ્કવોડની ટીમો તેમજ ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

સુરક્ષાના પગલાં રૂપે આરટીઓ કચેરીમાં હાજર તમામ કર્મચારીઓ અને કામસર આવેલા લોકોને તરત જ બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ સમગ્ર કચેરી પરિસરમાં ચુસ્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બોમ્બ સ્કવોડ દ્વારા દરેક ખૂણાની સઘન તપાસ કરવામાં આવી રહી હતી જેથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવે તો તાત્કાલિક કાર્યવાહી કરી શકાય.

આ ઘટનાને કારણે આરટીઓ કચેરીના કર્મચારીઓ તેમજ કામસર આવેલા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. ઉપરાંત આસપાસના વિસ્તારોમાં રહેતા સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં સુરક્ષા કડક બનાવી દેવામાં આવી છે અને ધમકી આપનાર અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.



### ગેસ ભરેલા 13 બોમ્બ ફૂટશે અને ત્યાંથી "માત્ર મુસ્લિમોને જ ખાલી કરાવો"

દરજીપુરા ખાતે મોટર વાહન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા સ્મિત પ્રમોદકુમાર સુથારને 6 એપ્રિલના રોજ સવારે અંદાજે 8:13 વાગ્યે એક શંકાસ્પદ ઇ-મેલ મળ્યો હતો. આ ઇ-મેલ kiruthiga.udhvanidhi@hotmail.com પરથી મોકલવામાં આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે બપોરે 12:50 વાગ્યે આર.ટી.ઓ ઓફિસમાં "જેરી ગેસ ભરેલા 13 બોમ્બ ફૂટશે" અને ત્યાંથી "માત્ર મુસ્લિમોને જ ખાલી કરાવો" તેવી ભયજનક અને ઉશ્કેરણીજનક ધમકી આપવામાં આવી હતી.

### મહાનગર પાલિકાની ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું

# બદલી-રજાઓ પર પ્રતિબંધ સાથે ચૂંટણી પંચ એક્શન મોડમાં : આચારસંહિતા શરૂ

**તા.11મી** સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, 15મીએ ચિત્ર સ્પષ્ટ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરાતની સાથે જ વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણી માટેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થતા જ આજથી રાજ્યભરમાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે.

જાહેરનામા અનુસાર, ઉમેદવારો આગામી 11મી તારીખ સુધી પોતાના નામાંકન પત્રો ભરી શકશે. ત્યારબાદ 13મીએ ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને જો કોઈ ઉમેદવાર પોતાની ઉમેદવારી પાછી ખેંચવા માંગતા હોય તો તેઓ 15મી તારીખ સુધી ફોર્મ પરત ખેંચી શકશે. રાજ્યભરમાં 26મી તારીખે સવારે 7 થી સાંજના 6 વાગ્યા સુધી મતદાન યોજાશે અને 28મી તારીખે મતગણતરી સાથે પરિણામો જાહેર કરવામાં આવશે.

ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. કર્મચારીઓની બદલી અને રજાઓ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત, કોઈપણ પ્રકારની નવી ગ્રાન્ટ કે વિવેકાધીન ફંડના વપરાશ પર પણ પ્રતિબંધ મુકાયો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા મુખ્ય રાજકીય પક્ષોએ હવે પોતપોતાના ઉમેદવારોની પસંદગી અને પ્રચાર માટેની વ્યૂહરચના તેજ બનાવી દીધી છે.

#### ચૂંટણી એક નજરે

વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજનો જંગ જામશે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ મુખ્ય વિગતો નીચે મુજબ છે:

- નામાંકન ભરવાની છેલ્લી તારીખ: 11મી
- ફોર્મની ચકાસણી: 13મી
- ફોર્મ પરત ખેંચવાની મુદત: 15મી
- મતદાનનો દિવસ: 26મી (સવારે 7 થી સાંજ 6)
- પરિણામની તારીખ: 28મી

રાજ્યમાં 6 મહાનગરપાલિકા, 11 જિલ્લા પંચાયત, 82 તાલુકા પંચાયત અને 27 નગરપાલિકાઓ માટે રસાકસીભર્યો જંગ ખેલાશે!

### રણોલી બ્રિજ નીચે દારૂનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

માણેકચંદ ફેક્ટરી પાછળ દશરથ ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો રાખી છૂટક વેચાણ કરતો મેહુલકુમાર અશોકભાઈ પઢીયાર (રહે. ગાયત્રીનગર, વડોદરા)ને પીસીબી પોલીસે ઝડપીપાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી વિવિધ બ્રાન્ડની સીલબંધ વિસ્કીની બોટલો તેમજ બિયરના ટીન મળી આવ્યા હતા. તમામ જથ્થાની કુલ કિંમત અંદાજે રૂપિયા 56 હજારથી વધુ હોવાનું પોલીસે જણાવ્યું છે. ઉપરાંત આરોપી પાસેથી રૂપિયા 1,300 રોકડા તથા રેડમી કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ મળી 62 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ ખુલાસો કર્યો હતો કે આ દારૂનો જથ્થો તેને તેના મામાના દીકરા સતીશ ઉર્ફે જીગો અરવિંદભાઈ પરમાર દ્વારા વેચાણ માટે આપવામાં આવ્યો હતો. પોલીસે દારૂના સેમ્પલ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 2019નો વાયદો 2026માં પણ અધૂરો; ભોગ બનનાર ગ્રાહકોએ ન્યાય માટે પોલીસ કમિશનર સુધી દોડ લગાવી

# શ્રી બાલાજી સ્કાયરાઈઝ સ્કીમ વિવાદમાં, બિલ્ડર સામે છેતરપિંડીની ફરિયાદ

**માનવ** ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ગ્રાહકોની ખોટી સહીઓ કરી દસ્તાવેજોમાં ઠગાઈકરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના અટલાદરા-પાદરા મેઈન રોડ પર આવેલા 'શ્રી બાલાજી સ્કાયરાઈઝ' પ્રોજેક્ટમાં રોકાણ કરનારા ગ્રાહકો સાથે કરોડોની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવતા શહેરના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટમાં ગ્રાહકોની જાણ બહાર તેમની ખોટી સહીઓ કરી દસ્તાવેજોમાં છેતરપિંડી કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સાથે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વર્ષ 2016-17ની આસપાસ આ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. ડેવલપર્સ દ્વારા ગ્રાહકોને લેખિતમાં ખાતરી આપવામાં આવી હતી કે 30 નવેમ્બર, 2019 સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરી કબજો સોંપી દેવામાં આવશે. જોકે, એપ્રિલ 2026 સુધી પણ પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયું નથી. રોકાણકારોનો આક્ષેપ છે કે બિલ્ડરે લોકો પાસેથી મનગમતા ભાવે નાણાં ઉઘરાવી લીધા છે, પરંતુ કામ આગળ વધતું નથી.

પીડિત ગ્રાહકો પૈકીના રોહન લોડાયા અને અન્ય સભ્યોએ જણાવ્યું હતું કે, ઓફિસ નંબર 411ના સોદામાં તેમની જાણ બહાર ખોટી સહીઓ કરીને નાણાકીય છેતરપિંડી આચરવામાં આવી છે. ગ્રાહકોનો દાવો છે કે ડેવલપર્સે રેરાના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે અને ફાઈનાન્શિયલ ગેરરીતિઓ આચરી છે. રોકાણકારોએ આશંકા વ્યક્ત કરી છે કે આ પ્રોજેક્ટ 100 કરોડથી વધુનો છે અને બિલ્ડરની અન્ય સાઈટો ગણતા આ આંકડો 1000 કરોડ સુધી પહોંચી શકે છે.

ગ્રાહકોએ આક્ષેપ કર્યો છે કે તેઓ મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર અને રેરા કચેરી સુધી રજૂઆતો કરી ચૂક્યા છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પીડિતોનું કહેવું છે કે પોલીસ અને અન્ય વિભાગો માત્ર મૌખિક જવાબો આપી રહ્યા છે. સીપીગ્રામ પર કરવામાં આવેલી ફરિયાદમાં પણ સંતોષકારક જવાબ મળ્યો નથી, જેના કારણે રોકાણકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રોકાણકારોએ વધુમાં જણાવ્યું હતું કે માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વેબસાઈટ પણ હાલમાં ડાઉન છે અને કંપનીએ તેના ફાઈનાન્શિયલ રિટર્ન ફાઈલ કર્યા નથી. એવી આશંકા છે કે લોકોના પૈસા અન્ય પ્રોજેક્ટ્સ કે અંગત ખાતામાં ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. હાલમાં અંદાજે 200 થી 250 જેટલા ગ્રાહકો આ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું અનુમાન છે.

### લોકશાહીના પર્વમાં વડોદરા બેઠક પર રાજકીય ગરમાવો વધ્યો

# કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારો અને વિવિધ રાજકીય પક્ષોના કાર્યકરોની અવરજવર

**ઉમેદવારો** ફોર્મ લેવાં માટે કલેક્ટર કચેરી પહોંચ્યા,

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

ગુજરાતમાં આગામી ચૂંટણીને લઈને રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે, ત્યારે વડોદરામાં પણ 'ચૂંટણી જંગ' બરાબરનો જામ્યો છે. ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસો નજીક આવતા જ આજે વડોદરા કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો હતો. સવારથી જ કલેક્ટર કચેરી પરિસર માં ઉમેદવારી ફોર્મ લેવા માટે ઉમેદવારોની અવરજવર વધી હતી.



ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ વિજય મુહૂર્તમાં પોતાના નામાંકન પત્રો લેવા માટે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. માત્ર મુખ્ય પક્ષો જ નહીં, અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણી મેદાનમાં ઝંપલાવતા આ વખતે વડોદરાનો જંગ રસપ્રદ બનવાના સંકેતો મળી રહ્યા છે. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા ફોર્મ આપવા માટે અને ભરેલા ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે, જેથી કોઈ ક્ષતિ ન રહી જાય. આગામી દિવસોમાં ભરાયેલા ફોર્મની ચકાસણી કરવામાં આવશે, ત્યારબાદ જ ચિત્ર સ્પષ્ટ થશે કે વડોદરાના રણમેદાનમાં કેટલા મહારથીઓ આમને-સામને ટકરાશે. હાલ તો વડોદરાની જનતામાં પણ ચૂંટણીને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

# 15 એપ્રિલથી ધો.6 થી 8ની અંતિમ સત્રાંત પરીક્ષાનો પ્રારંભ

**ધો.5** અને 8માં નાપાસ થતા વિદ્યાર્થીઓને સીધું પ્રમોશન નહીં અપાય

**વિદ્યાર્થીઓને** ત્રણ મહિનાનો વિશેષ અભ્યાસ કરાવી પુનઃ પરીક્ષા લેવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

સરકારી ગ્રાન્ટેડ તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.3 થી 5ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયા બાદ આગામી તા.15 એપ્રિલથી ધો.6 થી 8ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ 2025-26ની અંતિમ પરીક્ષાનો પ્રારંભ થશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સમાવિષ્ટ રાજ્યની અંદાજીત 34 હજાર સરકારી, ગ્રાન્ટેડ તેમજ 10 હજારથી વધુ ખાનગી શાળાઓના લાખો વિદ્યાર્થીઓ નોંધાયા છે. પ્રાઈમરી વિભાગમાં જીસીઈઆરટી દ્વારા નિર્ધારિત માળખા મુજબ તૈયાર કરવામાં આવ્યા છે જમન લર્નિંગ આધારિત પરિણામ લક્ષી પ્રશ્નોને વિશેષ પ્રધાન્ય આપવામાં આવ્યું છે. નવા નિયમો અનુસાર ધોરણ પાંચ અને ધોરણ આઠમાં નાપાસ થતા વિદ્યાર્થીઓને સીધો પ્રમોશન આપવામાં નહીં આવે શાળાઓ દ્વારા આવા વિદ્યાર્થીઓને ત્રણ મહિનાનો વિશેષ અભ્યાસ કરાવવામાં આવશે અને ત્યારબાદ પુનઃ પરીક્ષા લેવામાં આવશે પુનઃ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને જ આગળના ધોરણમાં પ્રવેશ મળશે. ખાનગી શાળાઓ માટે પણ સરકાર દ્વારા નક્કી કરાયેલ સમય પત્રકનું પાલન કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ત્યારે મુખ્ય વિષયો જેમ કે ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન ના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાના માળખા અનુસાર પરીક્ષા શાળાઓ પોતાની રીતે લઈ શકશે. આ રીતે સમગ્ર રાજ્યમાં પરીક્ષાનો માહોલ છવાઈ ગયો હશે અને વિદ્યાર્થીઓ સાથે વાલીઓમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે.

### ધાર્મિક લાગણી દુભાવી હોવાના આક્ષેપ

# ગોત્રીમાં હનુમંત ચરિત્ર કથા સ્થળે વિધર્મીઓને રાઈડ્સ ચલાવવાનો કોન્ટ્રકટ આપતા વિવાદ

**હિન્દુ** સંગઠનના યુવાનોએ હોબાળો કરી તમામ રાઈડ્સ બંધ કરાવી



(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં ચાલતી હનુમંત ચરિત્ર કથામાં નાના બાળકોની રાઈડ્સ ચલાવવાનો કોન્ટ્રાક્ટ વિધર્મીઓને આપવામાં આવતા વિવાદ સર્જાયો છે. હિન્દુ સંગઠનના આગેવાનો અને કાર્યકરોએ સ્થળ પર પહોંચી હોબાળો મચાવી રાઈડ બંધ કરાવી હતી.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં હનુમંત ચરિત્ર કથાનું આયોજન થયું છે. જો કે, કથાના સ્થળે વિધર્મીઓને નાના બાળકોની રાઈડ્સ ચલાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવતા વિવાદ થયો હતો. ગતરાત્રિએ ગોત્રી વિસ્તારમાં હિન્દુ સંગઠનના યુવાનોએ રાઇડ્સ પર પહોંચીને ભારે હોબાળો કર્યો હતો અને કથાના આયોજકોએ વિધર્મીઓને કોન્ટ્રાકટ આપતા ધાર્મિક લાગણી દુભાવી હોવાના આક્ષેપ પણ કર્યા હતા. તપાસ દરમિયાન ઘનશ્યામ નામના વ્યક્તિએ કોન્ટ્રાક્ટમાં વિધાર્મીની સાથે ભાગીદારી કરી હતી. આ સમગ્ર મામલો બહાર આવતા હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓએ રાઈડ્સ બંધ કરાવી હતી. જ્યારે કથાના આયોજકોના બેવડા વલણને લઈને યુવાનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આગેવાને જણાવ્યું હતું કે, સાંજે હિન્દુ સંગઠન ગોત્રી દ્વારા સંપૂર્ણ વિસ્તારમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે કલાનગરી ગ્રાઉન્ડ ઉપર હનુમાનજીની કથા ચલાવવામાં આવી રહી છે. ત્યાં શાંતિનો ભંગ ન થાય અને કોઈ વિધર્મી દ્વારા કોઈ પવિત્રતાનો ભંગ ન થાય તે કારણસર અમે જે રાઈડ્સ ચાલી રહી છે. એ અંદરની બાજુ અને બહાર બાજુ ત્યાં ચેકિંગ કર્યું તો એમાં અમને જેટલી પણ રાઈડ્સ છે, તે દરેક રાઈડ ઉપર લઘુમતી સમાજના સંચાલક મળ્યા છે અને જે દરેક માલિક છે એમના કોન્ટ્રાક્ટર છે, એ આપણા હિન્દુ ઘનશ્યામભાઈ છે. એમણે 50% પાર્ટનરશીપની અંદર એ વિધર્મી કોન્ટ્રાક્ટરને આ હિન્દુ વિસ્તારમાં હનુમાનજીની કથાની બાજુમાં આ કોન્ટ્રાક્ટ અપાવેલો છે. જેથી આ કારણસર બધી રાઈડ્સ અમે બંધ કરાવી હતી.

### મકરપુરામાં વ્યસની પતિથી કંટાળેલી પત્નીએ અભયમને કોલ કરી જાણ કરી

# 'દારૂમાં રૂપિયા ઉડાવતા હોય બાળકોની સ્કૂલ ફી પણ ભરતા નથી'

**પતિએ** પત્નીની મારઝુડ શરૂ કરી, મહિલા ટીમે કાયદાકીય સમજ આપતા પતિએ ભૂલ સ્વીકારી જવાબદારી નિભાવવા વચન આપ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતા વ્યસની પતિ દ્વારા ઘરમાં રૂપિયા આપતા ન હતા અને સ્કૂલ ફી પણ ભરતા ન હોય પત્ની આવા ભારે ટોકતા પત્નીની પતિ દ્વારા મારઝુડ કરવામાં આવતી હતી. કંટાળી ગયેલી પરિણીતાએ 181 અભયમ ને મદદ માટે ફોન કરી જણાવ્યું હતું. જેથી અભયમ ની ટીમે વ્યસની પતિ નું કાઉન્સિલિંગ કરી કાયદાકીય સમજ આપી હતી ત્યારે પતિએ પણ પોતાની ભૂલ સ્વીકારી પરિવાર આવી હરકત નહીં કરવા માટેની ખાતરી આપી હતી અને પરિવારની જવાબદારી સ્વીકારી હતી.




મકરપુરામાં રહેતી પીડિત મહિલાએ અભયમ ટીમને જાણ કરી હતી કે તેનો પતિ છેલ્લા એક વર્ષથી સતત વ્યસન કરીને ઘરમાં ઝઘડા કરે છે અને તેને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપે છે. મહિલાના જણાવ્યા મુજબ તેમના લગ્નને સાત વર્ષ થયા છે અને તેઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. દંપતીને બે સંતાન છે, પરંતુ હાલ તેમની સંભાળ અને ભણતર પર ગંભીર અસર પડી રહી છે.

પરિણીતાએ વધુમાં જણાવ્યું કે મારા પતિ છૂટક મજૂરી કરે છે, છતાં ઘરના ખર્ચ માટે યોગ્ય રીતે પૈસા આપતા નથી. છેલ્લા બે મહિનાથી બાળકોની સ્કૂલની ફી બાકી છે, જેના કારણે શાળાની તરફથી સતત ફોન આવી રહ્યા છે. જ્યારે મહિલાએ ફી અંગે વાત કરી, ત્યારે પતિએ પૈસા ન હોવાનું બહાનું આપીને બાળકોને ભણાવવાની જવાબદારી ટાળી દીધી હતી.આર્થિક સંકટ વચ્ચે ઘરમાં અનાજની પણ તંગી સર્જાઈ છે.

તાજેતરમાં પરિવારમાં થયેલા મૃત્યુના કારણે સ્થિતિ વધુ નાજુક બની છે. આવી પરિસ્થિતિમાં પતિ વ્યસન કરીને ઘેર આવી અપશબ્દો બોલે છે, મારઝૂડ કરે છે અને પત્નીને પિયર જવા માટે ધમકી આપે છે. શંકાના આધારે તેણે મહિલાની નોકરી પણ છોડી દેવડાવી હોવાનું સામે આવ્યું છે.

માહિતી મળતા અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષ સાથે વાતચીત કરીને કાઉન્સિલિંગ કર્યું હતું. ટીમે પતિને કડક શબ્દોમાં સમજાવ્યું કે પત્ની અને બાળકો પર હિંસા કરવી ગુનો છે અને બાળકોના ભવિષ્ય સાથે રમવું યોગ્ય નથી.

કાઉન્સિલિંગના પરિણામે પતિએ પોતાની ભૂલ સ્વીકારી અને આગળથી આવા વર્તન ન કરવાની ખાતરી આપી હતી. ટીમે પણ ચેતવણી આપી કે ફરી આવી ઘટના બનશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં સમાધાન થતા પરિવારને રાહત મળતા અભયમની ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

### સતત બીજા દિવસે ચક્કાજામ : વાહનોને ડાયવર્ટ કરાયા

# નેશનલ હાઈવે 48 પર દશરથ તરફ જતા માર્ગે રોડ કાર્પેટિંગને કારણે ટ્રાફિકજામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર છાણીથી દશરથ તરફ જવાના માર્ગે જીએસએફસી બ્રિજ પર કાર્પેટિંગને કારણે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. સતત બીજા દિવસે આ માર્ગ પર લાંબો ટ્રાફિકજામ થયો હતો. મુખ્ય માર્ગ બંધ કરી વાહનોને ડાયવર્ટ કરાતા ચક્કાજામ થયો હતો.




ગત વર્ષે શહેર નજીકથી પસાર થતા હાઈવેના માર્ગોની ખખડધજ હાલત થતા સતત એક મહિના ઉપરાંત અલગ અલગ જગ્યાઓ પર ભારે ટ્રાફિક જામ થવાની ગંભીર સમસ્યા ઉદભવી હતી. હાઈવેની આસપાસ રહેતા લોકોએ પણ રોડ પર ઉતરી આવી ઉગ્ર વિરોધ કરતા તંત્ર દોડતું થયું હતું અને અંતે હવે ધીમે ધીમે રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, આ કામગીરી ગોકળગતીએ ચાલતા ફરી એક વખત વાહનચાલકો હેરાન પરેશાન થયું છે. હાઈવે ઓથોરિટી દ્વારા બ્રિજ ઉપર ડામરનું નવું પડ પાથરવાની કામગીરીથી હાઈવે પરથી પસાર થતો ટ્રાફિક પ્રભાવિત થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસથી શહેર નજીકથી પસાર થતાં જીએસએફસી બ્રિજ ઉપર ભારે ટ્રાફિકજામ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં લોકો કલાકો સુધી ઘરમાં ગરમીમાં અટવાતા હેરાન થઈ રહ્યા છે. ખાસ કરીને નોકરીયાત વર્ગ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડી રહી છે.